MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

**એમસીએક્સ ડેઈલી રિપોર્ટ...**

# એમસીએક્સ પર સોના-ચાંદીનાં કામકાજમાં ઓછો રસ: બિનલોહ ધાતુઓના વાયદામાં સર્વાંગી સુધારો: ક્રૂડ ઓઈલમાં સાંકડી વધઘટ

## કૃષિચીજોમાં જવ, મકાઈ, એલચી નરમ પણ બટેટા, ચણા-દિલ્હી તેજ: કોમડેક્સ ૨૭૩૪.૬૪ : એગ્રી ઈન્ડેક્સમાં ૧૮.૬૩ પોઈન્ટની વૃદ્ધિ

મુંબઈ, તા.૨૯

વીતેલા દિને એમસીએક્સ પર ૫,૪૫,૧૪૬ સોદામાં રૂ.૩૫,૪૨૪.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં, જે તેની પૂર્વેના દિને રૂ.૪૭,૭૪૨.૨૦ કરોડનાં થયાં હતાં. વીતેલા દિનના કુલ વોલ્યુમમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૧૬,૫૦૮.૮૮ કરોડનો હતો. સોનામાં રૂ.૧૦,૭૪૫.૩૬ કરોડનાં અને ચાંદીમાં રૂ.૫,૦૬૩.૫૨ કરોડના વેપાર થયા હતા. ક્રૂડ તેલમાં રૂ.૭,૦૪૪ કરોડના મૂલ્યના ૧,૯૫,૨૮,૩૦૦ બેરલ્સનો વેપાર થયો હતો. સીસું-મિનીમાં રૂ.૧૭૪.૯૦ કરોડ અને જસત-મિનીમાં રૂ.૧૪૬.૭૧ કરોડનું ટર્નઓવર થયું હતું.

આજે એમસીએક્સ પર ટર્નઓવર ઓછું થયું હતું. આજે સાંજના પાંચ વાગય સુધીના પ્રથમ સત્રમાં ૨,૦૩,૦૪૦ સોદામાં રૂ.૧૨,૩૮૦.૩૮ કરોડનાં થયેલા વેપાર ગઈકાલના રૂ.૧૪,૯૪૫.૭૩ કરોડ કરતાં ગણનાપાત્ર પ્રમાણમાં ઓછા હતા. આજના કુલ ટર્નઓવરમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૫,૨૪૯.૯૫ કરોડનો હતો, જે ગઈકાલે રૂ.૭,૧૦૯.૭૫ કરોડ જેટલો હતો.

આજે સોનામાં ૩૫,૭૨૭ સોદામાં રૂ.૩,૮૯૦.૯૩ કરોડનાં ૨૧,૮૫૮ કિલોનો ધંધો થયો હતો અને ઓપન ઈન્ટરેસ્ટ ૩૨,૨૮૬ કિલો હતો. ગઈકાલે રૂ.૫,૨૧૧.૨૭ કરોડનાં ૨૯,૩૧૨ કિલોનાં કામ થયાં હતાં. આજે ચાલુ વાયદામાં ૧૫,૬૬૮ સોદામાં રૂ.૩,૪૮૮.૫૮ કરોડનાં ૧૯,૫૯૮ કિલોનો વેપાર થયો હતો અને ઓપન ઈન્ટરેસ્ટ ૨૬,૧૧૫ કિલો હતો. મિની વાયદામાં ૧૭,૪૩૪ સોદામાં રૂ.૩૯૬.૯૩ કરોડનાં ૨,૨૩૦ કિલોનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ ૬,૦૪૦ કિલો હતો. ગિનીમાં ૨,૬૨૫ સોદામાં રૂ.૫.૪૨ કરોડની ૩૦ કિલો ગિનીનો વેપાર થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૧૩૦ કિલો હતો. સોનાના વાયદામાં છેલ્લા બે દિવસથી ઘટાડો ચાલુ રહ્યો છે, પણ તેની મર્યાદા સાંકડી રહી છે. ગઈકાલે રૂ.૧થી રૂ.૨૪ની રેન્જમાં ઘટેલા ભાવ આજે રૂ.૧થી રૂ.૩૫ની રેન્જમાં ઘટ્યા હતા. સોનાના ચાલુ વાયદામાં ઓગસ્ટ રૂ.૩૫ ઘટી રૂ.૧૭,૭૩૭, ઓક્ટોબર રૂ.૧૮ ઘટી રૂ.૧૭,૮૩૬, ડિસેમ્બર રૂ.૧૭ ઘટી રૂ.૧૭,૯૨૧ અને એકમાત્ર ફેબ્રુઆરી-૧૧નો વાયદો રૂ.૩૦ વધી રૂ.૧૮,૦૩૪ રહ્યો હતો. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૨૯ ઘટી રૂ.૧૭,૭૩૭, સપ્ટેમ્બર રૂ.૧૭ ઘટી રૂ.૧૭,૮૧૨ અને ઓક્ટોબર રૂ.૧૪ ઘટી રૂ.૧૭,૮૫૪ રહ્યા હતા. ગિનીના ત્રણેય વાયદામાં રૂ.૧થી રૂ.૧૨ની વધઘટ હતી. ગિનીનો જુલાઈ વાયદો રૂ.૧ ઘટી રૂ.૧૪,૨૦૧, ઓગસ્ટ રૂ.૧૨ ઘટી રૂ.૧૪,૩૪૭ અને સપ્ટેમ્બર રૂ.૧ વધી રૂ.૧૪,૪૧૯ રહ્યા હતા.

ચાંદીમાં પણ ગઈકાલના રૂ.૧,૮૯૮.૪૮ કરોડના વેપાર સામે આજે ૨૩,૭૩૬ સોદામાં રૂ.૧,૩૫૯.૦૨ કરોડની ૪૮૦.૩૨૦ ટન ચાંદીનાં કામ થયાં હતાં અને ઓપન ઈન્ટરેસ્ટ ૯૫૨.૮૭૦ ટનનો રહ્યો હતો. ચાંદીના ચાલુ વાયદામાં ૯,૮૯૮ સોદામાં રૂ.૧,૧૨૭.૧૪ કરોડની ૩૯૮.૪૦૦ ટન ચાંદીનો અને મિની વાયદામાં ૧૩,૮૩૮ સોદામાં રૂ.૨૩૧.૮૮ કરોડની ૮૧.૯૨૦ ટન ચાંદીનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ અનુક્રમે ૭૮૭.૮૩૦ ટન અને ૧૬૫.૦૪૦ ટનનો રહ્યો હતો. ચાંદીમાં મિની એપ્રિલ વાયદાના બાદ કરતાં બાકીના બધા વાયદા રૂ.૬થી રૂ.૨૭ની સાંકડી રેન્જમાં ઘટ્યા હતા. ચાલુ વાયદામાં સપ્ટેમ્બર રૂ.૧૩ ઘટી રૂ.૨૮,૨૪૫, ડિસેમ્બર રૂ.૨૦ ઘટી રૂ.૨૮,૩૭૫ અને માર્ચ-૧૧નો વાયદો રૂ.૬ ઘટી રૂ.૨૮,૫૩૧ના ભાવ રહ્યા હતા. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૧૦ ઘટી રૂ.૨૮,૨૪૪, નવેમ્બર રૂ.૨૭ ઘટી રૂ.૨૮,૩૭૨, માર્ચ-૧૧ રૂ.૧૧ ઘટી રૂ.૨૮,૫૨૪ અને એપ્રિલ-૧૧ રૂ.૬૯ વધી રૂ.૨૮,૭૦૪ના ભાવ બંધ રહ્યા હતા.

બિનલોહ ધાતુઓના ભાવમાં સર્વાંગી સુધારો હતો. બધી જ ધાતુના બધા વાયદા વધ્યા હતા. તાંબાના બંને વાયદા રૂ.૧.૭૦થી રૂ.૧.૮૦, નિકલના ત્રણેય વાયદા રૂ.૨.૮૦થી રૂ.૪.૫૦, એલ્યુમિનિયમના ત્રણેય વાયદા ૯૦ પૈસાથી રૂ.૧.૧૦, સીસાના મિની સહિતના બધા વાયદા ૫૫થી ૬૫ પૈસા અને જસતના મિની સહિતના બધા વાયદા રૂ.૧.૩૫થી રૂ.૧.૫૫ જેટલા વધ્યા હતા. તાંબામાં રૂ.૨,૫૫૮.૭૩ કરોડનાં ૭૬,૧૫૭ ટન, નિકલમાં રૂ.૭૭૨.૬૧ કરોડનાં ૮,૦૬૯.૫ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૧૯૩.૫૮ કરોડનાં ૨૦,૦૬૫ ટન, સીસામાં રૂ.૪૮૪.૨૨ કરોડનાં ૫૧,૮૫૦ ટન, મિની સીસામાં રૂ.૫૯.૧૪ કરોડનાં ૬,૩૨૮ ટન, જસતમાં રૂ.૮૫૪.૩૧ કરોડનાં ૯૩,૫૪૫ ટન અને મિની જસતમાં રૂ.૧૦૫.૩૮ કરોડનાં ૧૧,૫૩૭ ટનનાં કામ થયાં હતાં. એલ્યુમિનિયમ અને સીસામાં તથા જસતમાં કામકાજમાં વધારો હતો. ઓપન ઈન્ટરેસ્ટ તાંબામાં ૫૧,૫૬૨ ટન, કલાઈમાં ૨.૫ ટન, નિકલમાં ૪,૧૦૩.૫ ટન, એલ્યુમિનિયમમાં ૧૬,૦૦૦ ટન, સીસામાં ૪૫,૮૦૦ ટન, મિની સીસામાં ૬,૩૦૯ ટન, જસતમાં ૩૯,૨૭૦ ટન અને મિની જસતમાં ૫,૯૪૫ ટનનો હતો.

એનર્જીમાં ક્રૂડ તેલમાં ૨૧,૬૫૫ સોદામાં રૂ.૧,૬૨૪.૫૪ કરોડનાં ૪૪.૯૫ લાખથી વધુ બેરલ્સના વેપાર થયા હતા અને ઓપન ઈન્ટરેસ્ટ ૨૫,૯૩,૯૦૦ બેરલ્સ રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ તેલમાં ૧,૯૦૦ બેરલ્સ તથા નેચરલ ગેસમાં રૂ.૨૨૨.૩૩ કરોડનાં ૯૯,૮૩,૭૫૦ એમએમબીટીયૂનું સારું કામકાજ થયું હતું. ક્રૂડમાં ડિસેમ્બર વાયદામાં રૂ.૧૪ના સુધારા સિવાય અન્ય વાયદામાં વધઘટ સંકડાઈ ગઈ હતી. ક્રૂડ ડિસેમ્બર વાયદો રૂ.૩,૭૪૪ થયો હતો. સપ્ટેમ્બર રૂ.૧ ઘટી રૂ.૩,૬૪૮, નવેમ્બર રૂ.૨ વધી રૂ.૩,૭૧૦ થયો હતો. ઓક્ટોબર ગઈકાલના રૂ.૩,૬૮૨ના સ્તરે બંધ રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડના ભાવ રૂ.૨ વધી ઓગસ્ટ વાયદો રૂ.૩,૫૬૧ થયો હતો.

કૃષિ, તેલ-તેલીબિયાં અને અન્ય ચીજોના વાયદામાં રિફાઈન્ડ સોયાતેલમાં કામકાજ વધીને રૂ.૨૭.૯૪ કરોડનાં ૫,૭૨૦ ટનનું થયું હતું અને ઓપન ઈન્ટરેસ્ટ ૬,૮૪૦ ટનનો હતો. સીપીઓમાં રૂ.૪૮.૯૭ કરોડનાં ૧૨,૪૬૦ ટનનું પ્રોત્સાહક કામકાજ થયું હતું. મકાઈમાં રૂ.૨.૮૨ કરોડનાં ૨,૫૬૦ ટન, જવમાં રૂ.૧૪.૨૮ કરોડનાં ૧૨,૪૦૦ ટનના વેપાર વચ્ચે ઓપન ઈન્ટરેસ્ટ ૯,૦૧૦ ટનનો રહ્યો હતો. ગુવારસીડમાં ૩૦૦ ટનનાં કામકાજ અને ઓપન ઈન્ટરેસ્ટ ૫૬૦ ટનનો હતો. બટેટામાં રૂ.૫૭.૧૦ કરોડનાં ૧,૫૦,૫૪૦ ટનનાં કામકાજ થયાં હતાં. ચણા-દિલ્હીમાં ૮૨૦ ટન, એલચીમાં રૂ.૮.૮૬ કરોડનાં ૬૫ ટન, કપાસમાં ૮ ટન, ઘઉંમાં ૧૦ ટન અને બદામમાં ૬ ટનનાં કામકાજ થયાં હતાં.

રિફાઈન્ડ સોયાતેલ, સીપીઓ અને ચણા-દિલ્હીના વાયદાના ભાવોમાં સુધારો થયો હતો. ચણા-દિલ્હી ઓગસ્ટ રૂ.૧૩ વધી રૂ.૨,૨૮૨, ઓક્ટોબર રૂ.૩૬ વધી રૂ.૨,૩૮૬ થયો હતો. એલચીના ભાવ રૂ.૪૬.૨૦થી રૂ.૬૧.૫૦ની રેન્જમાં તૂટ્યા હતા. એલચી ઓગસ્ટ રૂ.૬૧.૫૦, સપ્ટેમ્બર રૂ.૫૩.૭૦, ઓક્ટોબર રૂ.૪૮.૮૦ અને નવેમ્બર રૂ.૪૬.૨૦ ઘટી અનુક્રમે રૂ.૧,૪૭૪.૭૦, રૂ.૧,૨૮૮.૩૦, રૂ.૧,૧૭૧.૧૦ અને રૂ.૧,૧૦૮.૨૦ થયો હતો. જવના ભાવમાં પણ ઘટાડાનું વલણ જોવાયું હતું.

કોમડેક્સ આજે ૯.૨૧ પોઈન્ટ વધી ૨૭૩૪.૬૪ બંધ રહ્યો હતો. અંતર્ગત આંકોમાં મેટલ ઈન્ડેક્સ ૭.૮૦ પોઈન્ટ સુધરી ૩૩૦૦.૧૬, એનર્જી ઈન્ડેક્સ ૬.૮૩ પોઈન્ટ વધી ૨૬૬૧.૦૮ અને એગ્રી ઈન્ડેક્સ ૧૮.૬૩ પોઈન્ટ વધી ૨૨૯૭.૬૫ રહ્યા હતા.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.

MCX

મેટલ અને એનર્જી

વિશ્વાસ સાથે વેપાર

## એમસીએક્સના વાયદાના ભાવ

| કોમોડિટી | પાકતી તારીખ | ખૂલી | વધી | ઘટી | બંધ | વધઘટ |
|---|---|---|---|---|---|---|
| ગોલ્ડ-ગિની | ૩૧-૦૭-૧૦ | ૧૪૨૩૦.૦૦ | ૧૪૨૪૫.૦૦ | ૧૪૧૮૦.૦૦ | ૧૪૨૦૧.૦૦ | -૧.૦૦ |
| સોનું | ૦૫-૦૮-૧૦ | ૧૭૭૫૮.૦૦ | ૧૭૮૧૮.૦૦ | ૧૭૭૨૫.૦૦ | ૧૭૭૩૭.૦૦ | -૩૫.૦૦ |
| સોનુ-મિની | ૦૫-૦૮-૧૦ | ૧૭૭૮૦.૦૦ | ૧૭૮૧૪.૦૦ | ૧૭૭૨૬.૦૦ | ૧૭૭૩૭.૦૦ | -૨૯.૦૦ |
| ચાંદી-મિની | ૩૧-૦૮-૧૦ | ૨૮૩૧૨.૦૦ | ૨૮૩૫૭.૦૦ | ૨૮૨૦૧.૦૦ | ૨૮૨૪૪.૦૦ | -૧૦.૦૦ |
| ચાંદી | ૦૪-૦૯-૧૦ | ૨૮૩૦૦.૦૦ | ૨૮૩૫૪.૦૦ | ૨૮૨૦૧.૦૦ | ૨૮૨૪૫.૦૦ | -૧૩.૦૦ |
| તાંબુ | ૩૧-૦૮-૧૦ | ૩૩૪.૮૦ | ૩૩૮.૦૦ | ૩૩૩.૬૫ | ૩૩૭.૧૦ | ૧.૭૦ |
| ટિન | ૩૦-૦૭-૧૦ | ૮૦૫.૨૫ | ૮૦૫.૨૫ | ૮૦૫.૨૫ | ૮૦૫.૨૫ | ૦.૦૦ |
| નિકલ | ૩૦-૦૭-૧૦ | ૯૫૩.૬૦ | ૯૬૧.૨૦ | ૯૪૮.૩૦ | ૯૫૮.૭૦ | ૪.૫૦ |
| એલ્યુમિનિયમ | ૩૦-૦૭-૧૦ | ૯૫.૭૦ | ૯૭.૨૦ | ૯૫.૪૦ | ૯૭.૦૦ | ૧.૧૦ |
| સીસુ-મિની | ૩૦-૦૭-૧૦ | ૯૨.૮૫ | ૯૩.૯૫ | ૯૨.૫૦ | ૯૩.૬૫ | ૦.૬૦ |
| સીસુ | ૩૦-૦૭-૧૦ | ૯૨.૭૫ | ૯૩.૯૫ | ૯૨.૫૦ | ૯૩.૬૫ | ૦.૬૦ |
| જસત | ૩૦-૦૭-૧૦ | ૯૦.૩૦ | ૯૨.૦૫ | ૮૯.૯૫ | ૯૧.૭૫ | ૧.૫૫ |
| જસત-મિની | ૩૦-૦૭-૧૦ | ૯૦.૧૦ | ૯૨.૦૦ | ૮૯.૯૫ | ૯૧.૭૫ | ૧.૫૫ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૮-૧૦ | ૩૬૧૬.૦૦ | ૩૬૨૪.૦૦ | ૩૬૦૦.૦૦ | ૩૬૧૩.૦૦ | ૦.૦૦ |
| બ્રેન્ટ ક્રૂડ તેલ | ૧૦-૦૮-૧૦ | ૩૫૬૫.૦૦ | ૩૫૬૫.૦૦ | ૩૫૫૧.૦૦ | ૩૫૬૧.૦૦ | ૨.૦૦ |
| નેચરલ ગેસ | ૨૬-૦૮-૧૦ | ૨૨૧.૯૦ | ૨૨૩.૫૦ | ૨૨૧.૬૦ | ૨૨૨.૬૦ | ૦.૩૦ |
| રિફા. સોયા તેલ | ૧૪-૦૮-૧૦ | ૪૮૬.૦૦ | ૪૯૦.૬૦ | ૪૮૪.૦૦ | ૪૮૮.૨૦ | ૬.૨૫ |
| સીપીઓ | ૩૧-૦૭-૧૦ | ૩૯૬.૦૦ | ૪૦૧.૦૦ | ૩૯૫.૪૦ | ૩૯૮.૩૦ | ૫.૮૦ |
| ચણા-દિલ્હી | ૨૦-૦૮-૧૦ | ૨૩૧૫.૦૦ | ૨૩૧૫.૦૦ | ૨૨૭૭.૦૦ | ૨૨૮૨.૦૦ | ૧૩.૦૦ |
| એલચી | ૧૪-૦૮-૧૦ | ૧૫૨૩.૦૦ | ૧૫૨૩.૦૦ | ૧૪૭૪.૭૦ | ૧૪૭૪.૭૦ | -૬૧.૫૦ |
| બટેટા-આગ્રા | ૧૪-૦૮-૧૦ | ૩૭૨.૦૦ | ૩૮૨.૬૦ | ૩૬૬.૦૦ | ૩૮૨.૬૦ | ૧૪.૭૦ |
| મેન્થા તેલ | ૩૧-૦૭-૧૦ | ૬૯૦.૦૦ | ૬૯૪.૦૦ | ૬૮૪.૭૦ | ૬૮૯.૨૦ | -૩.૭૦ |
| કપાસ | ૩૦-૦૪-૧૧ | ૬૨૫.૦૦ | ૬૨૮.૦૦ | ૬૨૫.૦૦ | ૬૨૬.૫૦ | ૬.૬૦ |
| ગુવારસીડ | ૨૦-૦૮-૧૦ | ૨૨૯૨.૦૦ | ૨૩૦૯.૦૦ | ૨૨૮૦.૦૦ | ૨૨૯૦.૦૦ | ૮.૦૦ |
| મકાઈ | ૨૦-૦૮-૧૦ | ૧૧૨૨.૫૦ | ૧૧૨૨.૫૦ | ૧૧૦૨.૦૦ | ૧૧૦૮.૦૦ | -૬.૦૦ |
| બદામ | ૩૦-૦૯-૧૦ | ૩૨૬.૦૦ | ૩૩૩.૦૦ | ૩૨૫.૦૦ | ૩૩૦.૦૦ | ૦.૨૫ |
| ઘઉં | ૨૦-૦૮-૧૦ | ૧૨૪૫.૦૦ | ૧૨૪૫.૦૦ | ૧૨૪૫.૦૦ | ૧૨૪૫.૦૦ | -૧૩.૦૦ |
| જવ | ૨૦-૦૮-૧૦ | ૧૧૩૭.૮૦ | ૧૧૩૮.૬૦ | ૧૧૨૩.૦૦ | ૧૧૨૪.૬૦ | -૮.૦૦ |

દાવાત્યાગ : આ રિપોર્ટ/ભાવકોપી ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.